# દેશભક્ત મેજર હોશિયાર સિંહ

લદ્દાખના મુખ્ય મથક લેહમાં ત્રણ વર્ષ વીતાવીને એક લશ્કરી ટુકડી પાછી ફરી રહી હતી. આ ટુકડીના કમાંડર હતા મેજર હોશિયાર સિંહ. ટુકડીની વિદાય વેળાએ વોલીબોલની છેલ્લી રમત ચાલતી હતી. ત્યાં જ અચાનક હોશિયાર સિંહ બેભાન થઈ ગયા. ઊંચા પર્વત પર હવામાં ઓક્સિજન ઓછો હોય એટલે એવું થયું. ડૉક્ટરે તેમને થોડા દિવસ આરામ લેવાનું કહ્યું. પણ હોશિયાર સિંહે જવાબ દીધો : 'રમતના મેદાનમાં બેભાન થવાથી ડરી જઈશ તો લડાઈના મેદાનમાં હું શું કરીશ ? ડૉક્ટર, મારે રણમોરચે જવું પડશે તો હું જરૂર જઈશ. હું મજબૂત રહીશ તો જ મારા જવાનો મોતના મોંથી પણ ન ડરે તેવા મજબૂત બનશે.''

ટુકડી લેહથી હૈદરાબાદ ગઈ, પણ મેજરની તબિયત હજી પૂરેપૂરી સારી નહોતી થઈ. હૈદરાબાદમાં મેજરે પોતાના જવાનોને કહ્યું : ''બહાદુર સાથીઓ ! હવે છેલ્લી લડાઈ માટે તૈયાર થઈ જાઓ. પાકિસ્તાને ૩જી ડિસેમ્બરે (૧૯૭૧માં) ભારત પર હુમલો કર્યો. આપણે કાશ્મીરને બચાવવાનું છે.''

શત્રુની ઈચ્છા કાશ્મીરને ભારતથી અલગ કરી દેવાની હતી. આમ ન બને તે માટે જમ્મુથી પઠાણકોટ જતા રસ્તાની સુરક્ષા ખૂબ જરૂરી હતી. પાકિસ્તાને ૩જી ડિસેમ્બરના હવાઈ હુમલા પહેલાં જ આ રસ્તાને ઘેરી લીધો હતો.

આ રસ્તાની સુરક્ષા માટે આપણા સૈનિકોને શંકરગઢના ૯૦૦ ચો.કિ.મી. ના વિસ્તારમાં જવું પડે તેમ હતું. સૈનિકોની મદદ માટે સાથે એક ટેન્ક અને કેટલીક તોપ હતી. જારપાલ ચોકી પર પાકિસ્તાની જમાવટને તોડીને કબજો કરવાનું કામ મેજર હોશિયાર સિંહની ટુકડીના માથે આવ્યું હતું. મેજરના બહાદુર સૈનિકો ઢળતા ગયા પણ આગળ વધવાનું ન છોડયું. છેવટે જારપાલ પર ભારતનો કબજો થઈ ગયો.

ત્યાં જ દુશ્મને મોટો હુમલો શરૂ કર્યો. ત્રણે બાજુથી તોપમારો થવા લાગ્યો. ધુમાડા અને ધૂળથી ઘડીભર બધે અંધકાર થઈ ગયો. હોશિયાર માટે ફરીથી કસોટીની ઘડી આવી પહોંચી. દુશ્મનની

ટૅન્કોમાંથી વરસતી આગની વચ્ચે મેજર ચારે તરફ ઘૂમીને જવાનોને હિંમત આપવા લાગ્યા. પાકિસ્તાનનો હુમલો નિષ્ફળ ગયો.

આ બાજુ ભારતનો વિજય અને બાંગ્લોદેશનો જન્મ થયો અને ૧૩મી ડિસેમ્બરે ત્યાં પાકિસ્તાની લશ્કરે શરણાગતિ સ્વીકારી. પરંતુ તે પછી પણ પશ્ચિમી સીમાએ પાકિસ્તાનની નાપાક હરકતો બંધ ન થઈ. તેણે ફરી વાર જારપાલ ચોકી પર કબજો મેળવવાનો પ્રયત્ન કર્યો.



ખરાખરીનો ખેલ સર્જાયો. આપણી એક ટુકડી સામે પાકિસ્તાનની આખી બટાલિયન. આ બટાલિયનની મદદ માટે તોપખાનું અને બખ્તરબંધ ગાડીઓ ! મેજર સ્થિતિને ઓળખી ગયા. ફરી એકવાર ગોળીઓની રમઝટની વચ્ચે મેજર જવાનોને હિંમત બંધાવવા લાગ્યા. માતૃભૂમિની કસમ આપીને વિજય માટે પ્રેરવા લાગ્યા.

પાકિસ્તાને ત્યારે એક પછી એક ત્રણ હુમલા કર્યા. પરંતુ મેજરની અદ્‌ભુત હિંમત અને તેનાથી જવાનોને મળેલી પ્રેરણાએ દર વખતે દુશ્મનને હરાવ્યો.

છતાં દુશ્મનને સાન ન આવી. ચોથીવાર અસંખ્ય સૈનિકો, તોપો અને બખ્તરબંધ ગાડીઓ લઈ તેણે ફરી હુમલો શરૂ કર્યો. ઘમાસાણ યુદ્ધ શરૂ થઈ ગયું. ગોળીઓનો વરસાદ થવા લાગ્યો. ત્યાં જ આપણા મશીનગન ચાલક પર તોપનો ગોળો પડતાં તે શહીદ થઈ ગયો. સામે દુશ્મન આગળ વધી રહ્યો હતો. પણ ઘાયલ અવસ્થામાં જ મેજર દોડીને ત્યાં પહોંચી ગયા અને ફરીથી મશીનગન ચાલવા લાગી. છેવટે દુશ્મનને અતિ ખરાબ રીતે હારીને પીછેહઠ કરવી પડી. પણ ત્યાં સુધીમાં મેજર લોહીથી નિતરવા લાગ્યા. તેમનો એક હાથ અને એક પગ કામ કરતો બંધ થઈ ગયો હતો. છતાં યે પોતાના જવાનોને કહી રહ્યા હતા : 'સાથીઓ, હું તમારી પાસે આવી શકું તેમ નથી; પણ રહીશ તો તમારી સાથે જ !' ભારતની જીતના સમાચાર મળ્યા પછી જ તેઓ હોસ્પિટલમાં દાખલ થયા.

દુશ્મનને કાયમ યાદ રહે તેવી હાર આપવા બદલ મોતનો ડર છોડીને અદ્‌ભુત વીરતા દાખવનાર ભારતમાતાના આ શૂરવીર સપૂતને ૧૩ જાન્યુઆરી, ૧૯૭૨ના રોજ પરમવીર ચક્ર વડે સમ્માનિત કરાયા.

– 'ધિંગામસ્તી'–જુલાઈ, ૨૦૧૧

■